શ્રી ગણેશાય નમઃ

કલિપ્રભા.

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી વાંકાનેર નૃસિંહનોત્તમ નાટક સમાજ

(મર્હુમ ધર્માનુરાગી ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર સ્થાપીત)

તરફથી પ્રકાશક,

લવજી મયાશંકર ત્રવાડી

તથા

દુર્લભરામ જટાશંકર રાવળ.

રચનાર

કવિ ભીમરાવ માધવલાલ ચોધ.

આવૃતી પહેલી, પ્રત ૩૦૦૦ હજાર.

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીંમત ૦-૨-૦

કોલબાદેવી પ્રીન્સેસ સ્ટ્રીટના નાકે

ડી. વાડીલાલની કું૦

ની દુકાનની વીઝીટ કરશો તો ખાત્રી થશે કે દરેક જાતનાં ગરમ, સુતરાઊ અને ફેન્સી કાપડની નવી ડીઝાઇનો તેમજ કોટની જાણીતી શોપના અનુભવી કટરો અને બેહદ સસ્તા ભાવો માટે હમો કેટલા મગરૂર છીએ !

બહારગામના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે. અને વી. પી. થી માલ મોકલવામા આવશે.

રવીવારે પણ દુકાન ખુલ્લી રહે છે. ટેલીફોન નં. ૧૨૫૦

ગૃહસ્થો અને બાનુઓ માટે ખાસ અમેરીકન ઢબનું સફેદ થઇ જતાં અને ખરી પડતાં વાળ અટકાવવા માટે સર્વોપરી.

સુકેશી હેઅર ઓઇલ.

વાપર્યા પછી બીજાને વીસરી જશો.

એમ કહેવાને અમો ખાત્રીપુર્વક છીએ. આ તેલથી બાલ લાંબા ગુચ્છાદાર થાય છે અને સુગંધી મધુર હોવાથી મગજ ઘણુંજ શાંત રહે છે ઉપ શાંત બાલને કાળા નરમ રેશમની માફક સુંવાળા કરે છે અને સફેદ થઇ જતાં અને ખરી પડતાં વાળને અટકાવે છે તેથી વેપારી, વકીલ, વિદ્યાર્થિ અને બારીસ્ટરો માટે એક કીમતી ઉપાય છે. એક વખત વાપરી ખાતરી કરવા વીનંતી છે.

આ તેલ માટે નામાંકીત ગૃહસ્થો તરફથી ઉંચા સરટીફીકેટો મળેલાં છે.

કીમત મોટી બાટલીના રૂ. ૦-૧૨-૦—અને નાની બાટલીની કીમત રૂ ૦-૮-૦

મુંબઇના એજંટ—ડી. ચીમનલાલની કું૦ —ઠે૦ પ્રીન્સેસ સ્ટ્રીટ.

રજીસ્ટર્ડ તારનું સરનામું. "વડોદરા"—વડોદરા

બનાવનાર.
ધી આર્ય ઇન્ડસ્ટ્રીઅલ વર્કસ
ટાવર પાસે લીમડાપોળ સામે—વડોદરા.

શ્રી પરમાત્માને નમઃ

કલિપ્રભા નાટકના પાત્રોની નોંધ.

પુરૂષ પાત્રો.

દૈવિસંપતિ—આસુરિ સંપત્તિ—દૈવી માયાઓ.

મહાંધસિંહ—વિજય નગરનો રાજા.

પ્રતાપસિંહ—મહાંધસિંહનો નાનોભાઇ.

ધીરસીંહ—એક નીમકહલાલ સરદાર.

મહાબાહુ
સુકિર્તિ } —રાજ્યના જુના મંત્રી

શશિકાન્ત—નવો દિવાન.

જાલીમ—સેનાપતિ.

સુરપાળ—સુબેદાર.

વિનયકાન્ત—ચંદ્રનગરનો માજી દીવાન અને શશીકાન્તનો સસરો.

રજનીકાંન્ત
સુર્યકાંન્ત } —શશીકાન્તના પુત્રો.

મી૦ ટ્રેજીક
ડાકતર એપીક
કમ્પાઉન્ડર કોમીક } હાસ્ય રસના પાત્રો. અને રાજ્યના નોકર વર્ગ

ચોશીંગટન—પોલીટીકલ એજંટ

એનેસ્ટી ઉનેસ્ટી—બારીસ્ટરો.

સ્ત્રી પાત્રો.

રત્નમાલા—શશીકાન્તની પત્નિ અને વીજયકાન્તની દીકરી.

મુક્તમાલા—શશીકાન્તની સાસૂ અને રત્નમાલાની માતા.

ચકોરી—રત્નમાલાની દાસિ

જયંતિ—જાલીમની પૂત્રી અને રજનીકાન્તની પત્નિ

હીરા
પન્ના
માણેક
મોતી
} હાસ્યરસના પાત્રો અને ફેશનેબલ સુધરેલી બાનુઓ

વીરસીંહ—પ્રમોદસિંહ, વજ્રજી લશકરીઓ વારાંગનાઓ દ્વારપાળ વીગેરે.



ચેતવણી

સને ૧૮૬૭ ના ૨૫ મા આ-
કટ મુજબ રજીસ્ટર કરાવી પ્ર-
સિદ્ધ કરનારે સર્વ હક્ક પોતાને
સ્વાધીન રાખ્યા છે માટે પ્રસિદ્ધ
કર્તાની રજા સિવાય કોઇએ આ
નાટક તથા તેમાંનાં ગાયનો છા-
પવાં—છપાવવાં, વેચવાં—વેચાવ-
વાં કે ભજવવાં—ભજાવવાં નહીં.

શ્રી દેશી મિત્ર એનજીન પ્રીન્ટીંગ પ્રેસ—સુરત—સોનીફળીયામાં
મગનલાલ કીકાભાઇએ-શ્રી વાકાનેર નૃસિંહનોત્તમ
નાટક સમાજને માટે છાપ્યાં

શ્રી.

કલિ પ્રભા વસ્તુ સૂચન.

આદી અંત અને મધ્યમાં પ્રકાશી રહેલા પરમાત્માના સામ્રાજ્યમાં આ વિશ્વમંડળ ઉપર વર્ત્તાતા ચાર યુગો, સત્યયુગ ત્રેતાયુગ, દ્વાપર, અને છેવટનો કલિયુગ, જે કલિકાલ, આજકાલ કેવા જોરથી પોતાની પ્રભા પ્રસારી, સાચા, સાત્વીક, નીમકહલાલ, પ્રમાણિક, ભલા, અને ભોળા જનોને પાપમાં પ્રેરે છે અને અન્યાયી, પ્રપંચી, કપટી, દગાબાજ, જૂઠા કુકર્મી અને અધર્મિ દુર્જનોને કેવી રીતે સુખ, વૈભવ, ઐશ્વર્યં ઇત્યાદિથી ભરપુર રાખે છે; તો પણ પરમાત્મ સત્તા કે જે સર્વની ઉત્પતિ, સ્થિતિ અને લયનો હેતુ છે તે સત્તા, તે ચૈતન્ય શક્તિ, તે કર્મફલ પ્રદાતા વિધી, કે જે એક પક્ષે વિધાતા, કિંવા ભાવી શકિત કહેવાય છે, તે સત્તા પરીણામે પ્રાણી માત્રને પોત પોતાના કર્મ પ્રમાણે, અર્થાત, સારાને સારૂં અને બુરાને બુરૂં કેવી રીતે ફલ આપે છે તેનું દીગ્દર્શન કરાવનાર "દીવ્ય" સત્તા જે આ કલિયુગમાં પ્રવર્ત્તી રહેલી છે તેજ આ કલિપ્રભા છે.

અસ્તુ

કલિ પ્રભા નાટકનો ટૂંક સાર.

અંક પેહેલો.

પ્રયોગના આરંભમાં મંગલા ચરણ. દૈવિસંપતિ તથા આસુરિ સંપતિનું વ્યકિતરૂપે દર્શન. બંન્ને સંપતિઓએ પોત પોતાના પ્રભાવનું પ્રાકટ્ય કરતાં નીમકહલાલ અને પ્રમાણિક] વીરનર ધીરસીંહનો અદ્ભૂત બચાવ.

પ્ર–૧લો–વિજય નગરના રાજા મહાંધસિંહના જન્મોત્સવનો ભવ્ય દરબાર, રાજ્યતંત્રમાં ફેરફાર, ઉપકારનો બદલો અપકાર અને તેથી વફાદાર વૃદ્ધ મંત્રી સુકિર્તિ ઉપર આફતના વાદળનો ભાર.

પ્ર–૨જો—બહીષ્કાર થએલા જુના મંત્રી મંડળની ખાનગી મસલત. વૃદ્ધ મંત્રી સુકીર્તિની સાચી સલાહ, વીરનર ધીરસિંહની ભીષ્મ પ્રતિજ્ઞા અને પ્રતાપનું વિદેશ ગમન.

પ્ર–૩ જો—મી૦ ટ્રેજીકનું મકાન, હીરા પન્ના નામની સુધરેલી બાનુઓની મોહ જાળમાં સપડાયલા ટ્રેજીક યાર તથા ડોકટર મી૦ એપીક અને કમ્પાઉન્ડર મી૦ કોમીકનો તેમના ઉપરના ફેશનેબલ પ્યારનો પ્રચાર.

પ્ર–૪ થો—વીજયનગરના દીવાન શશીકાન્તનું મકાન, જયંતિ તથા રજની કાન્તનો પ્રેમારંભ, રત્નમાલા સાથે શશીકાન્તનું ચંદ્ર નગર તરફ પ્રયાણ, જુલમી જાલીમની પ્રપંચ જાળ.

પ્ર–૫ મો—પ્રતાપ ટેકરી ઉપર રાજા મહાંધસિંહની છાવણી, નાચરંગ. મહાંધસિંહ ઉપર અચાનક તરકટી હુમલો, જાલીમની જાલનો પ્રથમ પાશ. અને નિર્દોષ રાજ્ય કુટુંબીઓને દેહાંત દંડ.

પ્ર-૬ ઠો—વીરસિંહ તથા સુરપાળને સામેલ રાખી જાલીમે શશી કાન્તની સામે રચેલું ભયંકર કાવતરૂં, પય પાઇ ઉછેરેલા સર્પનો ડંશ.

પ્ર-૭ મો—મી૦ ટ્રેજીકનો ડ્રેસીંગ રૂમ, મી૦ એપીક તથા મી૦ કોમીક સાથે પસાર થઇ જવાની હીરા પન્નાની ગોઠવણ, મી૦ એપીક અને મી૦ કોમીકની માલ પચાવવાની કોશીશ, દરમ્યાન ટ્રેજીકની અજબ કરામત.

પ્ર-૮ મો—શશીકાન્તનું દીવાનખાનું, જયતિ તથા રજની કાન્તના પ્રેમનું સંમેલન, શશીકાન્ત કેદ, પવિત્ર દંપતિનુ પરસ્પર આશ્વાસન.

પ્ર-૯ મો—ચંદ્રનગરમાં વિનયકાન્તનું ઘર, શશિકાન્ત કેદ થવાની ખબર, જાલીમના તરફી પત્રની વિનયકાન્ત ઉપર સારી અસર, રત્નમાલાના સુખમય સંસારમાં આપત્તિનું ચિન્હ.

પ્ર-૧૦ મો—ભયંકર દરિયાઇ કારાગ્રહ, શશિકાન્તના છુટકારા અર્થે રજનીકાન્તે વીરસિંહને કારાગ્રહના છુપા રસ્તા બતાવવા, જાલીમ પ્રત્યે વીરસિંહના વિરૂદ્ધ વિચાર, જાલીમના જુલ્મનો નમુનો.

અંક બીજો.

પ્ર-૧ લો—જાલીમના સંકેતાનુસાર ચંદ્રનગરમાં યોગીવેશે સુરપાળ, પતિ વીયોગે વ્યાકુળ બનેલી રત્ન માલાનું ફંદામાં ફસાવું.

પ્ર-૨ જો—મી૦ ટ્રેજીકનો માણેક સાથે નવો ઘર સંસાર, મી૦ એપીક તથા કોમીકને અજાયબ રીતે મી૦ ટ્રેજીકે ખવરાવેલી ભુલ થાપ, સજીવન દંડનો ચમત્કાર.

પ્ર-૩ જો—ચંદ્રનગરના રસ્તામાં વીરસીંહ તથા રજનીકાન્તનો

આકસ્મિક મેળાપ, પરસ્પર પીછાન બાદ રજની કાન્તે જયંતીને મળવા માટે વીદાય થવું અને ધીરસિંહે રત્નમાલાની શોધ અર્થે જવુ.

પ્ર-૪ થો—ભૂતાવળી કંદરા. ત્યાં યોગીરૂપે સુરપાળ, સાથે રત્નમાળાનું તેની દાસી ચુકોરી સાથે આવવું

પ્ર-૫ મો—મદાંધસિંહનો ખાનગી અવાસ, મુર્ખરાજાની મૂર્ખતાનું દીગ્દર્શન, જાલીમની પ્રપંચબાજી. સુરપાળે ચકોરીનું ખૂન છુપાવી તે નેબીજા રૂપમા બતાવવુ, જાલીમે યુક્તિ જાણી સુરપાળને કેદ કરવો.

પ્ર-૬ ઠો—મી૦ એપીક તથા કોમીકના જોડા જોડ મકાન, હીરા પન્નાની સ્વચ્છંદી અને કૃતઘ્નિ વર્તણુકનો તેઓના ઇશ્કી યાર એપીક કોમીકને પુરો અનુભવ, સજીવન દંડના પ્રભાવે હીરા પન્નાનો ભોગ.

પ્ર-૭ મો—જયંતીનું વસંતોપવન, સાહેલીઓ સાથે આનંદ મંગલ, રજનીકાન્તનો મેળાપ, બાદ બન્ને જણે વીજયનગર છોડી ચાલ્યા જવું.

પ્ર-૮ મો—અસુરી કીલ્લો, ધીરસીંહે પ્હેરેગીરનુ ખુન કરી સુરપાળને છોડાવી નાસી જવું.

પ્ર-૯ મો—જંગલમાં ધીરસિંહ અને સુરપાળ સાથે પ્રતાપની મુલાકાત, પવિત્ર તિર્થ પ્રયાગમાં જયા શશિકાન્તને રાખવામાં આવેલ છે ત્યાં પ્રતાપને મોકલી, ધીરસીહ તથા સુરપાળે રત્ન માલાની શોધ માટે ભૂતાવળી કંદરા તરફ વીદાય થવું.

પ્ર-૧૦ મો—ભૂતાવળી કંદરા, રત્નમાલાની કરૂણા જનક સ્થિતિ, પૂત્ર પ્રસવ જાલીમનું છુપી રીતે આવવું, બ્હેન ઉપર બાઇની કુદ્રષ્ટિ, જાલીમનો જુલ્મ, ધીરસીંહથી બાળકનો, બચાવ રત્નમાળાને લેઇ સુરપાળનું સટકી જવું, ગુફાનું તુટવું, રત્નમાળાને લેઇ સુરપાળે ખાડીમાં પડવું. માતા પૂત્રનો વિયોગ અને જાલીમનું છેવટે નાસીપાસ થવું

અંક ત્રીજો.

પ્ર-૧ લો—ભયાનક જંગલમાં સુરપાળ તથા રત્નમાલા ઉપર વાપરેલી દુષ્ટતાનો આબેહુબ ચિતાર, રત્નમાળાની અસ્વસ્થ અને બેહાલ અવસ્થા, સુરપાળનું ખુન, રજનીકાન્ત તથા જયંતિનું આવાગમન.

પ્ર-૨ જો—જાલીમ તથા પ્રમોદસિંહની રાજ્ય વિરૂદ્ધ છુપી મસલત.

પ્ર-૩ જો—મી૦ એપીક અને કોમીકે, મી૦ ટ્રેજીકને, તેના મકાનમાંથી સુતેલો ઉડાવી જવો.

પ્ર-૪ થો—પ્રયાગમાં દંડી સ્વામી રૂપે સુકિર્તિનો આશ્રમ. શશિકાન્ત તથા પ્રતાપસિંહને સુકિર્તિનો સદુપદેશ, વિનયકાન્ત તથા મુકત માલાનો મેળાપ, બાદ વિજયનગર તરફ સર્વની વોદાયગીરી.

પ્ર-૫ મો—ધીરસિંહની જંગલમાં પર્ણકુટી રત્નમાલાથી વિખુટા પડેલા બાળક, સૂર્યકાંતની બાળચેષ્ટા, રત્નમાલાનું આગમન, માતા પૂત્રનો મેળાપ, વાત્સલ્ય પ્રેમના સ્વરૂપનું દર્શન, સર્વનું સંમેલન.

પ્ર-૬ ઠો—જંગલમાં કુવો, એપીક કોમીકને ફસાવી કુવામાં નાંખી ટ્રેજીક ઠેકાણે કરી દેવા, બાદ એક મોતી નામની વટેમાર્ગુ સ્રીને ભોળવી વશ કરી પોતાની સ્રી બનાવવી બાદ પ્રથમની પેઠે બે બૈરી સાથે ઘર સંસાર ચલાવવો.

પ્ર-૭ મો—વિજયનગરમાં પોલીટીકલ એજંટનો ભવ્ય દરબાર, નેક ન્યાયી બ્રિટિશ સરકારના પ્રતિનીધી તરીકે તેણે સર્વનો ન્યાય કરવો, પાપીઓને પાપની સજા, અને પરિણામે સત્યનો વિજય એજ ફલિપ્રભા.

સમાપ્ત.

૩૫૬૪

श्री गणेशायनमः

श्री कलि प्रभा नाटकना गायनो.

અંક પેહેલો.

અથ મંગલમ્

બાળાઓ— ૧

શ્રી હરી તુજ માયા ભારી—
શક્તિ તારી ન્યારી ન્યારી
કર્મ તણું ફલ જે દેનારી (૨)
ભાવી કુદરતની બલિહારી (૨)
મતિ હારી-કૃતિ તારી-સુંદર છે સારી—(૨)—શ્રી હરી.
ભ્રષ્ટ વીવેક જગમાં જે છે-તેને તેનું ફલ તું દે છે
શંકર શિરપર-ત્યાંથી ગિરિપર-ગિરિથી મહીપર મહીથી સિંધુ અંદર.
એવી તું વીધાતા માયા, જેનાથી રહે ત્રણે લોક હારી—શ્રી હરી.

વારાંગનાઓ— ૨

નેવર વાજે વાજે (૨)
રૂમક ઝુમક ઠુમક ઝનક ધનક તનક છનક.
નેવર વાજે વાજે. (૨)
ધીધી તત ગત રૂચિ મૃદંગ—બિલસત સુર ધ્વનિ સુરંગ.
થન થન થન નૃત્ય ઉમંગ—મનહર પ્રિયકર પ્રસંગ-નેવર.
ધરતી-ધમધમતી-ખમખમતી-રસઠરતી-મનહરતી.
સહુ ફરતી-પગ ધરતી-અનુસરતી—નેવર.

ધીરસીંહ— ૩

ઉલટ બસ પુલટ બાજી સહુ થઇ (૨)
સજન સરવ પણ છોડી નગરને
ત્રાસ પામી નાસે —ઉલટ
તલપ તલપ તલપે જીગર આ (૨)
અરરરરરરર જુલ્મ કરે ઘણો, ત્રાસ
દુર્જનો દાખે —ઉલટ
ભાળ ન લેતું કોઇ કેની (૨)
રાખું શ્રદ્ધા એક ટેક ધારૂં—ઉલટ

પન્ના— ૪

પ્યારા ટ્રેજીકજી બળીયા
સુંદર પ્રિય મારા શામળીયા
મોજ માણું રોજ નાણું
ખુબ ખરચું મારાં તો ભાગ્ય બળીયા—પ્યારા
પ્રેમે રંગાયું જોબન (૨)
પ્રેમે રંગાયું તનમન (૨)
અધર રસ ભોગી પાતળીયા—પ્યારા

હીરા પન્ના ટ્રેજીક— ૫

બંન્ને—વાહરે વાહરે મારા ટ્રેજીકજી દાકતર
તમને જોયા કમ્પાઉન્ડર
ટ્રેજીક—દાકતરનો હું છું ફાધર
હીરા—દાકતર છે મારા લવર
ટ્રેજીક—કમ્પાઉન્ડરનો છું ફાધર
પન્ના—કમ્પાઉન્ડર મારા લવર

બંન્ને—જાઓ જાઓ પાજી છોડી દો પતરાજી
ડાકતર એ ફાવી જશે લોકમાં ફજેતી થશે
ટ્રેજીક—ડાકતરનો છું હું ફાધર
એગીક કોમીક બંન્ને કરતાં આ ટ્રેજીક હુંશીયાર
પોટાસ સલફર પોઇઝન ગાળીને પોચાડી દઉં પાર

જયંતી— ૬

શાને સતાવે કલી ભૂંડા તું ભમરા
ભોળી ભામિનીનું અંતર કાં બાળ, તું ભમરા—શાને
રસથી ભરાઇ પૂરી ખીલી છવાઇ શી (૨)
કેવી આતૂર બની રહી નિહાળ, તું ભમરા—શાને
ઘેલી બની રસ ભોગી વિયોગે (૨)
આવી તક તોય તું હજી ના વીલોકે (૨)
શાને દૂભાવે મૂખ લે સંભાળ તું ભમરા—શાને

૭

રજની—હાલી જક આ, કરોના, રસીલી, નવેલી (૨) હાલી
જયંતી—જાઓ છોડી કયાં છેલા, છોગાળા, છબીલા, છકેલા
પ્રેમઘેલી (૨) હાલી
રજની—વીધીસર લગ્ન વીના દંપતિ, ગણાય નહીં. (૨
જયતી—ગણાય, કે ગણાય ના, છતાં આ દાસી આપને વરેલી—હાલી

જાલીમ— ૮

ખટપટ તરકટ, ચટપટ ચોપટ, (૨)
ઝટપટ એવી ટાળું તરખટ (૨)
મસ્ત બની, અધર ચાલું, બસ હું ચાલું
બસ હું મ્હાલું, બસ હું મ્હાલું—ખટપટ:

કોરસ—પંજામાં લઈ હું સહુને, જેને તેને દબાઉં.
ખાલી કરૂં ખજાનો, બસ ચમન તો ઉડાઉં
અધિકારી બની લાંચે, જર ભરપટે કમાઉં
બસ એમ હું તો જલ્દી, ખુબ માલદાર થાઉં—ખટપટ

નાયકાઓ— ૯
મૈંને મેરા બાલા જોબન હૈ દીયો યારકો (૨)
હૈ દીયો યારકો—મેરે દીલદારકો (૨)—મૈંને.
ધીટ બંગરવારો—ગુમાની રસિયો
મારે તીરછી કટારી લાલ નયના શરાબી મજેદારવો—મૈંને.
મેં બનિતા બની રૂપ લતા, લલિત લોલ સિંગાર.
મોહી રહી છબી યારકી, દિલકે સુખ અગાર.
ચાલ ચલત જીય—હોત બીકલ તીય (૨)
કરકે રંગ-યે અનંગ-દીલ ઉમંગ-સુખ અંગ.
એ દરકારવો— મૈંને.

૧૦

હીરા પન્ના—છબીલી પ્યારી સજનીશી આજે છે બહાર
બસ પ્રેમ રંગીલી રજની આજે રમવા તૈયારઃ
એપીક—હીરા પન્ના હોટલમાં—નીરખી ભરી બોટલમાં
કોમીક—પીશું ભરી પ્યાલી રસની—માણીશું મોજ અપાર.
બધા—આ હા હા, બસ એ મઝા—બસ એ મઝા,
એપીક કોમીક—કટલસ પૂડીંગની સાથે.
ઉત્તમતો ચાંપ સંધાથે.
ખાશું ખૂબીથી ખાંતે.
બધા—હરદમ-સરગમ-રૂમઝુમ સહુ નાચો કરીશું બહાર-છબીલી.

૧૧

જયંતી—છોડું ન છેડો લાલા પ્રિતમ મારા રૂપાળા (૨)
બની દાસી તમારી છોગાળા—છોડું ન.
રજની—ધીરજ ધારી રંજે પ્યારી,
સંગે રાખીશ હું મારી.
જયંતી—છો મન મોહન જીવન મારા
રજની—અર્પ્યું તનમન તને બાળા—છોડું ન.

રત્નમાળા— ૧૨

સુખી દીસે આ જગમાં અધર્મી ઘણા.
અધર્મી ઘણા દુઃખી કરમી ઘણા—સુખી.
પાપ પ્રગટે જવ વ્હાર કોઈ ના કરે (૨)
છતાં દીસે કુકર્મી રાજી તે બમણા—સુખી.
ભલા સદાચારી અતી અન ધનથી કંગાલ
બુરા દુરાચારી મતી બીરાજતા સુખપાલ
લુંટે જુલ્મે ધન ધામ વામ ધરમી તણા—સુખી

શશીકાન્ત— ૧૩

હરી હવે હારી મતી દુરીજનથી
ચીત્ત ભ્રમીત છતાં છે સુખ મનથી—હારી
દુખદાતા તું વીધાતા વીકળ કરીને તન હરે મન ધન,
પણ નવ ડરું મનથી—હારી
છતાં નેકટેક ના વીસારું હું તો છેક, મુજ સત્યને વીવેક
સહુ થીર દુઃખ તનથી—હારી.

દંભી સાધુઓ— ૧૪

આજ કાલ જુઠા સાધુ સહુ સ્વાર્થ સાધવા ફરતા.
અનેક રીતે જન ભોળવવા જુઠા ભેખો ધરતા
ભાઇ ભાઇ જૂઠા ભેખો ધરતા, તોપણુ નવ તે કદીએ ડરતા
અંતે વીણુ મ્હોતે તે મરતા— આજ કાલ.
ખોટાં સાધન સાધી જ્યાં•ત્યાં સાચાં જુઠાં કરતા,
મંત્ર તંત્ર ને જંત્ર ક્રીયા કરી ખીસાં ખડીયા ભરતા
ભાઇ ભાઇ ખીસા ખડીયા ભરતા, તોપણુ નવ અંતે ઠરતા
આ ભવથી કદી નવ તરતા— આજ કાલ.

માણેક— ૧૫

વારી વારી રંગીલા યાર ટ્રેજીક તમારી આ અંગના.
ગઇ સહુ પીડા કરશું ક્રીડા.
બની રંગીલી ટ્રેજીકની અગના—વારી વારી

ટ્રેજીક—અરે વાહ વાહ માણેક તું પ્યારી.
હીરા પન્નાના કરતાં તું સારી.

માણેક—મનથી માન્યા, મેં તો નાણ્યા.
હવે સગે રહેવાની આ અંગના......વારી વારી.

અંક બીજો

ટ્રેજીક— ૧૬

જાલ બીછાવું તાલ જમાવું,
માલ પચાવું હાલ રીઝાવુ.
પાસ રચાવું ધુમ મચાવુ.

ખુબ ગજાવું, સહુ સપડાવું.
એપીક બચ્યા, કોમીક લુચ્ચા
તુમઓ સચ્ચા, કંઈ ન કચ્ચા.
ફરીએ ચારી, થશે ખુવારી, કરું ધીરે રહી પાર તે
પન્ના તું પાપણી, હીરા સાચી મણી
તુજને આજે કણી, લાકુર ભેગી ભળી
મારી છાતી બળી, મુકી દીવા બળી
પણ દુષ્ટકની યુક્તિ ન જાણે
તું થઇ જાશે તુરત ઠેકાણે—જાલ

ધીરસીંહ— **૧૭**

જગમાં......શુભ કરવું નથી સહેલ સહેલ
જગમા......અશુભ નથી મુશ્કેલ ખેલ—જગમાં
મનમેલા દુરીજન કરે, ધન લોભે નીચકામ
સાર અસાર વિચાર વીણુ, કરે નામ બદનામ
પાપી પાપ પ્રગટ થાતા, હાથ, ઘસી દુખે રીબાતા
પસ્તાઇ સદા પીડાતા, દુખે દુખની રે...લ—જગમાં

જાલીમ— **૧૮**

બસ હકં સાચું, જુઠું, હું સમજાવી એ ચાવી
નૃપને ભોળવવાની મારી યુક્તિ સહુ ગઇ બસ ફાવી (૨)
કલિમાં કપટી સાધે સહુ કામ
ખીસ્સાં, ભરવાં હરીને ધનધામ (૨) —હકં

એપીક કોમીક— **૧૯**

બંન્ને—બૈરી ખોઇ, બેઠા, રોઇ, શીરપરે આફત શી પડી (૨)
એપીક—દુનીયાથી ડીસમીસ થઇ, જીંદગી બધી સળગી ગઇ—બૈરી

કોમીક—દુખની ઘડી
એપીક—આવી ચડી
કોમીક—પીડા પડી
એપીક—રહેવું રડી
કોમીક—હીરા પન્ના ગયા મરી ઠગલબાજી હંડે કરી
એપીક—જરને ઘર કર્યાં
બંન્ને—ફના મુકામ-- (૨) બૈરી
કોમીક—એપ્લીકેશન જઇને દઇ પુનર્લગ્ન કમીટી મહી
એપીક—જડશે જુતાં ચાર
બંન્ને—થયા ખુવાર થયા ખુવાર—બૈરી

જયંતિ તથા સખીઓ— ૨૦

વીરહી વીરહે આ વસંતે, ઘેલી બ્હાવરી બની.
જો જો લીલી શી લવિંગ લતા બ્હાવરી બની.
જો જો અલી શોર, મધુર મોર, ચીત્ત ચોર, કેવી બ્હાવરી બની (૨)
અકલિત છે કૃતિ કામની, વીરહ જવાલ વિકરાળ
બાળે તે અતિ વીરહણી, અંગે કરે બેહાલ.
ધાયો વાયુ જો અતીશે અલી તું નીહાળી જો (૨)
મન અકળાય—કંપે કાય—ચીતડું ના જંપે તું અલી જો.
અલિ કલિવશ જો બન્યો, કલિ ભેટે ભરથાર.
વસંતના વીરહે કરી, ઘેલી બનાવે નાર.
કેવો અનંગ હરે આલી, જો જો વીરહી પ્રભાવે જયુાય.
વ્હાલી વામા ઘેલી બની જેને વ્હાલાની ઉઠી છે આગ.
હાંરે જેને વ્હાલાની ઉઠી છે આગ— (૨)— વીરહી.

૨૧

રજની—કરો ના નાહક હઠ પ્યારી. જુઓ મનમાં ધારી—કરોના.
જયંતી—બની દીલદાર હૈયા હાર હું તમારી સદા,
નથી ડરનાર હું તજનાર જગનાથી સદા,
રજની—પ્રિય મન માંહી ત્હારી છઉં વળી ભારી નારી
જયંતી—રહું પતિ સાથે તુમારી— કરો ના.
ધીરસિંહ— ૨૨

અજબ અતિશે, સુખ દુખની શીર બાજી
કદી નવ સજન સુખથી રાજી— અજબ.
દુખ પાછળ સુખ નિશ્ચે આવે, દુખ નિત છશા ભજાવે (૨)
કુપથ અનિતિ કપટ તજાવે, સુખ રહું દુખે બીરાજી—અજબ.
પ્રાત થતું રાત્રિ પડવાને, રાત્રી ઉદય થવાને
અસ્તોદય એમ ચાલ્યો આવે, સ્થિતિ સરખી ન કોને છાજી.
—અજબ.

પ્રતાપસીંહ— ૨૩

બાજી બગડી તો ગઇ, દુરજનના સંગ રંગે
પાજી હાજીહા કહી. સુખથી રહે રંગ ચંગે
ખટપટીઆ ખુશામતીયા વળી મસલતીયા મોથાજ,
ચાડી કરીને રાજી રાખે, હલકા ઉપરી આજ
રાખી અંતરમાં છરી, ફસાવે સજનને ઉમંગે—બાજી
ઇંદ્ર ધનુષ્યનો રંગ જુઓ જયમ, સમય સમય બદલાય
ઉદવ અસ્તનું કાલચક્રભ્રમ, જાણે નહીં શઠ કાંય
માયા કોઇની ના થઇ, વહેતી જે સલિલ તરંગે—બાજી

રત્નમાલા— ૨૪

વીધાતા વાંકી જેની સાથ
જગજીવ કે જગનાથ—વિધાતા
જળ હોય ત્યાં તું સ્થળ બનાવે, સ્થળ બનાવે જળ વળી,
પથ્થર બનાવે રત્ન પળમાં રત્નને પથ્થર વળી,
પૂર્વ જનમની કરણી માફક, ફળ દેતુ સાક્ષાત–વિ૦

અંક ત્રીજો.

રત્નમાલા ૨૫

બની ગઇ ગાંડી, એગ તુજ માંડી,
શોધી રહી દાડી, બાળ કયાં ગયો.
બાળ નવ લાગી, વીયોગી અભાગી,
શોધી શોધી થાકી, કયાં તુ જઇ રેહ્યા—બની૦
જીવ તારા માંહી, અટકયો છે ભાઇ,
દીન દુખદાઇ, વીખુટો થયો—બની૦

જાલીમ અને પ્રમોદસિંહ ૨૬

જાલીમ—જરથી જગે સહુ સધાય
રંક મટી જાય, થાય, રાય, જગની માંહ્ય—જરથી
પ્રમોદ—જર વીણુ જગમાં જન નવ ફાવે
જાલીમ—જરથી મુરખ પડીત કહાવે
જરથી ગુણુજ્ઞ ગણાય —જરથી
પ્રમોદ—જરથી ડાહ્યા, જરથી કાયા
જરની છાયા, જરની માયા
પ્રસરી સર્વ જણાય —જરથી

२७

ટ્રેઝીક—ચાલો પ્યારી ચાલો માણેક મારી મ્હાલો (૨)
માણેક—વ્હાલા મારા ચીતડાના ચોર સાજણા,
પ્યારા રસીલા રંગીલા છેલા નેહે ભાજો—ચાલો
ટ્રેઝીક—પ્રીતેથી પહેરાવું હીરાના એરીંગ
સોનાના એરીંગ, સોનાના એરીંગ
હાથે કંકણુ ગળે મોતી હાર
માણેક—પ્હેરી લચકાતી મચકાતી અચકાતી
નખરાથી ચાલુ —ચાલો

સૂર્યકાન્ત— २८

ખુબ ખેલું ત્યાંયરે (૨)
રમુ રમત હુ અનેક શીખવાડે
તાત સદા સદાયે મને—ખુબ
સંતા કુકડી, હંડીનો ઘોડો, ગિલ્લિદંડો, વળી ભમરડો
સાત તાળી, મલ કુસ્તી કરાવી પય ઉપર પાયરે—ખુબ
લાલ પાલથી લાડ લડાવે, મુજને રહેવું અહી બહુ ભાવે
માતથી ઝાઝું હેત બતાવે, દાદાજી વનફળ નિત લાવે
ના જાઉં કયાંયરે —ખુબ.

સર્વ— २९

પ્રભુની કૃપાને પૂર્વ સંજોગે, મળ્યાં સહુ મળ્યાં.
દુરદશાને દર્દ સધળાં તો ટળ્યાં સહુ મળ્યાં—પ્રભુ.
શઠ કપટીને જુઠા જનો અંતે ન ફાવ્યા સાચને
સાચથી ઉની આંચ નાવે. અરિ પળ્યા સહુ મળ્યાં—પ્રભુ.
અંતે લીધી સંભાળ પ્રભુએ, આજ રાખી લાજને
કરીને કસોટી મનોરથો, છેવટ ફળ્યા સહુ મળ્યા—પ્રભુ.

મોતી ટ્રેજીક— ૩૦

મોતી—અરે વાહ વાહરે ટ્રેજીક જુવાન વારી
થઇ ધામધુમથી મોતી પ્યારી
ટ્રેજીક—મળી સુંદર રંગીલી તું નારી
મોતી—પીયુ જાઓ જાઓ જાઓ જાઓ
ટ્રેજીક—નવ શરમાઓ, પાઓ પ્રેમપાન લહો લ્હાવ ભારી—અરે.
મોતી—વ્હાલા વાલમજી હેત ઉતારશો ના
ટ્રેજીક—વાહરે મારી મોતી—મળી તું વીણુ ગોતી.
મોતી—અરે વાહ વાહ વાહ વાહ
પ્રીતમજી પ્રિત તમ ન્યારી—અરે.

સર્વપાત્રો— ૩૧

સત્ય ધારનારનો નિજય વિજય થનાર
સત્ય તારનાર પ્રાણીનો આધાર
આ સંસાર સાર કલિ પ્રભા ચીતાર
વીશ્વાધાર સત્યથી ખુશી રહે અપાર—સત્ય

સમાપ્ત

જાહેર ખબર.